સરકારના વિવિધ વિભાગો/
ખાતાઓ દ્વારા જી.એસ.ટી. કાયદા
હેઠળ TDS માટે નોંધણી નંબર
લેવા બાબત.

ગુજરાત સરકાર
નાણાં વિભાગ
પરિપત્ર ક્રમાંક:-જીએસટી/૧૦૧૭/૧૦૯૭/જીએસટી સેલ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૫/૦૯/૨૦૧૮

૧. વંચાણે લીધો :- નાણાં વિભાગનો તા.૧૯/૦૭/૨૦૧૭ નો પરિપત્ર ક્રમાંક- જીએસટી/૧૦૧૭/૧૦૯૭/ જીએસટી સેલ
૨. વંચાણે લીધો :- નાણાં વિભાગનો તા.૨૫/૧૦/૨૦૧૭ નો પરિપત્ર ક્રમાંક- જીએસટી/૧૦૧૭/૧૦૯૭/ જીએસટી સેલ
૩. વંચાણે લીધો :- નાણાં વિભાગનો તા.૦૮/૦૫/૨૦૧૭ નો પરિપત્ર ક્રમાંક- જીએસટી/૧૦૧૭/૧૦૯૭/ જીએસટી સેલ
૪. નાણા વિભાગનું તા.૧૪-૯-૨૦૧૮નું જાહેરનામું ક્રમાંક. (GHN-89)/GST-2018/S.1(4)TH.

ગુજરાત ગુડઝ એન્ડ સર્વિસીસ ટેક્સ એક્ટ, ૨૦૧૭ તથા સેન્ટ્રલ ગુડઝ એન્ડ સર્વિસીસ ટેક્સ એક્ટ, ૨૦૧૭ ની કલમ ૫૧ અનુસાર જ્યારે કોઇ સરકારી વિભાગ, સ્થાનિક સત્તામંડળ અને સરકાર હસ્તકના જાહેર સાહસો રૂ.૨,૫૦,૦૦૦/- થી વધુની કિંમતનું ટેન્ડર બહાર પાડીને વેરાપાત્ર ચીજવસ્તુઓ ખરીદે કે વેરાપાત્ર સેવાઓ મેળવે તો કુલ 2% (બે ટકા) ટેક્સ ડીડક્શન એટ સોર્સ કરવાનું થાય, જેમાં 1% (એક ટકો) ગુજરાત ગુડઝ એન્ડ સર્વિસીસ ટેક્સ અને 1% (એક ટકો) સેન્ટ્રલ ગુડઝ એન્ડ સર્વિસીસ ટેક્સ હેઠળ કાપવાનો થાય અને **SGST: 00060010101** તથા **CGST: 00050010101** સદરે, જે મહિનામાં ડીડક્શન થયું હોય તેના અંત પછીનાં ૧૦ દિવસની અંદર, સરકારી તિજોરીમાં જમા કરાવવાના રહેશે. વધુમાં, આ કપાત સામે કોન્ટ્રાક્ટરને ટી.ડી.એસ.ની કપાત કરનારે નમૂના GSTR-7A માં પ્રમાણપત્ર આપવાનું રહેશે તથા ઠરાવેલ સમય મર્યાદા મુજબ નમૂના GSTR-7 માં પત્રક ભરવાનું રહેશે.

આ કલમનો અમલ જી.એસ.ટી. કાઉન્સિલની ભલામણ મુજબ તા.૩૦-૯-૨૦૧૮ સુધી મુલતવી રાખેલ હતો, જેનો અમલ હવે સંદર્ભમાં વંચાણે લીધેલા તા.૧૪-૯-૨૦૧૮ના જાહેરનામા અનુસાર તા.૧-૧૦-૨૦૧૮ થી કરવાનો થાય છે, જેના માટે ગુજરાત જીએસટી અધિનિયમ, ૨૦૧૭ની કલમ ૨૫ તથા ગુજરાત જીએસટી રૂલ્સ, ૨૦૧૭ના નિયમ ૧૨ (૧) અન્વયે ટેન્ડર દ્વારા ખરીદી કરનાર કે સેવા મેળવનાર સરકારી સક્ષમ અધિકારીએ નમૂના GST REG-07 માં અરજી કરીને નોંધણી દાખલો મેળવવાનો રહે છે.

Scanned by CamScanner

ઉક્ત જોગવાઈઓનો અમલ તમામ સરકારી વિભાગ, સ્થાનિક સત્તામંડળ અને સરકાર હસ્તકના જાહેર સાહસોએ તા.૧-૧૦-૨૦૧૮ થી કરવાનો હોઈ, તાત્કાલિક અસરથી જીએસટી નેટવર્ક ઉપર ઓન-લાઈન વિગતો ભરીને તથા જરૂરી પૂરાવા અપલોડ કરીને નોંધણી દાખલો મેળવી લેવો જરૂરી બને છે. આથી, સર્વે વિભાગો, ખાતાના વડા, તાબાની તમામ કચેરીઓ અને સ્થાનિક સ્વરાજ્યની તમામ સંસ્થાઓ, જેવી કે મહાનગરપાલિકા, નગરપાલિકા, શહેરી વિકાસ સત્તામંડળ, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, ગ્રામ પંચાયત તેમજ સરકારી બોર્ડ અને કોર્પોરેશન, સરકારી કંપનીઓ, એસપીવી, વગેરે ને તેમના કાર્યક્ષેત્ર અને કામગીરી અનુસાર લાગુ પડવાપાત્ર હોય તો સત્વરે નોંધણી દાખલો મેળવી લેવા જણાવવામાં આવે છે. સદર કામગીરી માટે કોઈ કાયદાકીય માર્ગદર્શન કે ટેકનિકલ માર્ગદર્શન માટે જરૂર જણાય તો નજીકની રાજ્ય કર કચેરી અથવા જીએસટી નેટવર્કની હેલ્પલાઈન અથવા રાજ્ય કર કમિશનર દ્વારા અમદાવાદ અને અન્ય કચેરીઓમાં શરૂ કરવામાં આવેલ હેલ્પ ડેસ્કનો સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમનાં નામે

(કે.એચ.પાઠક)
સંયુક્ત સચિવ (ટેક્સ)
નાણાં વિભાગ.

નકલ રવાના જાણ તથા જરૂરી અમલ સારૂઃ-

- સચિવાલયનાં સર્વે વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી/અગ્રસચિવશ્રી/ સચિવશ્રી
- તમામ કલેક્ટરશ્રી તથા ડીડીઓશ્રી
- તમામ બોર્ડ/ કોર્પોરેશન
- તમામ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ

Scanned by CamScanner

# NOTIFICATION
# FINANCE DEPARTMENT.

Sachivalaya, Gandhinagar.
Dated the 14th September,2018.

## Notification No. 50/2018-State Tax

Gujarat Goods and Services Tax Act, 2017

No.(GHN-89)/GST-2018/S.1(4)TH:- In exercise of the powers conferred by sub-section (3) of section 1 of the Gujarat Goods and Services Tax Act, 2017 (Guj.25 of 2017) and in supercession of the Government Notification, Finance Department No.(GHN-82)/GST-2017/S.1(3)/TH dated the 15th September, 2017, Notification No. 33/2017-State Tax, except as respects things done or omitted to be done before such supersession, the Government of Gujarat hereby appoints the 1st day of October, 2018, as the date on which the provisions of section 51 of the said Act shall come into force with respect to persons specified under clauses (a), (b) and (c) of sub-section (1) of section 51 of the said Act and the persons specified below under clause (d) of sub-section (1) of section 51 of the said Act, namely:-

(a) an authority or a board or any other body, -
   (i) set up by an Act of Parliament or a State Legislature; or
   (ii) established by any Government,

   with fifty-one percent. or more participation by way of equity or control, to carry out any function;

(b) Society established by the Central Government or the State Government or a Local Authority under the Societies Registration Act, 1860 (21 of 1860);

(c) public sector undertakings.

This notification shall be deemed to have been issued on the 13th day of September, 2018.

By order and in the name of the Governor of Gujarat,

K H Pathak
Joint Secretary to Government.

Scanned by CamScanner